બ્લોગ અને વેબસાઈટ પરથી સંકલન



# લોકગીત સંગ્રહ



સંકલન : ભરત એલ. ચૌહાણ “ઓ-કાન્હા”

## રંગાઇ જાને રંગમાં

રંગાઇ જાને રંગમાં.....
સીતારામ તણા સતસંગમાં
રાધેશ્યામ તણા તુ રંગમાં.....રંગાઇ.....

આજે ભજશું, કાલે ભજશું,
ભજશું સીતારામ, ક્યારે ભજશું રાધેશ્યામ,
શ્વાસ તૂટશે, નાડી તૂટશે, પ્રાણ નહીં રે તારા અંગમાં.....રંગાઇ.....

જીવ જાણતો ઝાઝું જીવશું, મારું છે આ તમામ,
પહેલાં અમર કરી લઉં નામ,
તેડું આવશે, યમનું જાણજે, જાવું પડશે સંગમાં.....રંગાઇ.....

સૌ જન કહેતા પછી જપીશું, પહેલાં મેળવી લોને દામ,
રહેવા ના કરી લો ઠામ,
પ્રભુ પડ્યો છે એમ, ક્યાં રસ્તામાં, સૌ જન કહેતા વ્યંગમાં.....રંગાઇ....

ઘડપણ આવશે ત્યારે ભજશું, પહેલાં ઘરના કામ તમામ,
પછી ફરીશું તીરથ ધામ,
આતમ એક દિન ઊડી જાશે, તારું શરીર રહેશે પલંગમાં.....રંગાઇ.....

બત્રીસ જાતનાં ભોજન જમતાં, ભેળી કરીને ભામ,
એમાં ક્યાંથી સાંભરે રામ,
દાન-પુણ્યથી દૂર રહ્યો તું, ફોગટ ફરે છે ઘમંડમાં.....રંગાઇ.....

રંગ રાગમાં ક્યારે રટાશે, રહી જશે આમ ને આમ,
માટે ઓળખ આતમરામ,
બાબા આનંદે હરિ ૐ અખંડ છે, ભજ તું શિવના સંગમાં.....રંગાઇ.....

## કા'નાને માખણ ભાવે રે

કા'નાને માખણ ભાવે રે
કા'નાને મીસરી ભાવે રે

ઘારી ધરાવું ને ઘુઘરા ધરું ને ઘેવર ધરું સૈ
મોહનથાળ ને માલપૂઆ પણ માખણ જેવા નૈ
કા'નાને ...

શીરો ધરાવું ને શ્રીંખડ ધરું ને સૂતરફેણી સૈ
ઉપર તાજા ઘી ધરાવું પણ માખણ જેવી નૈ
કા'નાને ...

જાતજાતના મેવા ધરાવું દૂધ સાકર ને દૈ
છપ્પનભોગની સામગ્રી પણ માખણ જેવી નૈ
કા'નાને ...

સોળ વાનાના શાક ધરાવું ને રાયતા મેલું રાય
ભાતભાતની ભાજી ધરું પણ માખણ જેવી નૈ
કા'નાને ...

એક ગોપીએ જમવાનું કીધું ને થાળ લૈ ઉભી રૈ
વળતા વ્હાલો એમ વદ્યા પણ માખણ જેવા નૈ
કા'નાને ...

એક ગોપીએ માખણ ધર્યુંને હાથ જોડી ઉભી રૈ
દીનાનાથ તો રીઝ્યા ત્યારે નાચ્યા થૈ થૈ થૈ
કા'નાને ...

## ઝૂલણ મોરલી વાગી

ઝૂલણ મોરલી વાગી રે, રાજાના કુંવર !
હાલો ને જોવા જાયેં રે
મોરલી વાગી રે, રાજાના કુંવર.

ચડવા તે ઘોડો હંસલો રે, રાજાના કુંવર,
પીતળિયા પલાણ રે. – મોરલી.....

બાંયે બાજુબંધ બેરખા રે, રાજાના કુંવર,
દસેય આંગળીએ વેઢ રે. – મોરલી.....

માથે મેવાડાં મોળિયાં રે, રાજાના કુંવર,
કિનખાબી સુરવાળ રે. – મોરલી.....

પગે રાઠોડી મોજડી રે, રાજાના કુંવર,
ચાલે ચટકતી ચાલ્ય રે. – મોરલી....

ઝૂલણ મોરલી વાગી રે, રાજાના કુંવર !
હાલો ને જોવા જાયેં રે
મોરલી વાગી રે, રાજાના કુંવર.

## વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં

ગામમાં સાસરિયું ને ગામમાં પિયરયું રે લોલ
કહેજો દીકરી સખદખની વાત જો
કવળાં સાસરિયામાં જીવવું રે લોલ

હરખના દાડા તો માતા વહી ગયા રે લોલ
દખનાં ઉગ્યાં છે ઝીણા ઝાડ જો
કવળાં સાસરિયામાં જીવવું રે લોલ

પછવાડે ઊભેલ નણંદ સાંભળે રે લોલ
વહુ કરે છે આપણા ઘરની વાત જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ

નણંદીએ જઈ સાસુને સંભળાવિયું રે લોલ
વહુ કરે છે આપણા ઘરની વાત જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ

સાસુએ જઈ સસરાને સંભળાવિયું રે લોલ
વહુ કરે છે આપણા ઘરની વાત જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ

સસરાએ જઈ જેઠને સંભળાવિયું રે લોલ
વહુ કરે છે આપણા ઘરની વાત જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ

જેઠે જઈ પરણ્યાને સંભળાવિયું રે લોલ
વહુ કરે છે આપણા ઘરની વાત જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ

પરણ્યે જઈને તેજી ઘોડો હાંકિયો રે લોલ
જઈ ઝૂકાડ્યો ગાંધીડાને હાટ જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ

અધશેર અમલ તોળાવિયાં રે લોલ
પાશેર તોળાવ્યો સોમલખાર જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ

સોના વાટકડે અમલ ઘોળિયાં રે લોલ
પી જાઓ ગોરાંદે નકર હું પી જાઉં જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ

ઘટક દઈને ગોરાંદે પી ગયાં રે લોલ
ઘરચોળાની તાણી એણે સોડ જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ

આટકાટનાં લાકડાં મંગાવિયા રે લોલ
ખોખરી હાંડીમાં લીધી આગ જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ

પહેલો વિસામો ઘરને આંગણે રે લોલ
બીજો વિસામો ઝાંપા બહાર જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ

ત્રીજો વિસામો ગાયોને ગોંદરે રે લોલ
ચોથો વિસામો સમશાન જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ

સોના સરીખી વહુની ચેહ બળે રે લોલ
રૂપલા સરીખી વહુની રાખ જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ

બાળી ઝાળીને ઘરે આવિયાં રે લોલ
હવે માડી મંદીરિયે મોકળાશ જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ

આ ભવનો ઓશિયાળો હું થયો રે લોલ
હવે માડી દેજો દોટાદોટ જો
આ સહુનો ઓશિયાળો હું થયો રે લોલ

## ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય

કે ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય, ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય,
ના ના રે રહેવાય, ના ના રે સહેવાય, ના કોઈને કહેવાય... હાય હાય !
ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય.

ઓઢણી ઉડે તો ભલે ઉડી જાય, ઓઢણી ઉડે તો ભલે ઉડી જાય,
તારું મુખડું મલકાય, તારું જોબન છલકાય, મારાં હૈયામાં કૈં કૈં થાય...
ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય...
ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય.

હો રે... હો રે, મેઘ વરસે ને ભીંજે ચીર, હાય હાય હાય વાગે તીર, વાગે તીર.
ઓ રે... ઓ રે, તારું ચંદન સરીખું શરીર, ઓયે હોયે હોયે હોયે નીતરે નીર, નીતરે નીર.
રૂપ દૂર થી જોવાય, ના ના રે અડકાય, ઈ તો અડતા કરમાય... હાય હાય !
ઓઢણી ઉડે તો ભલે ઉડી જાય...
ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય.

ઓ... મારે નેણ લજ્જા લહેરે છે... લહેરે છે, લહેરે છે, મારે નેણ લહેરે છે...
હો... તારા રૂપની ભીનાશ તને ઘેરે છે... ઘેરે છે ગોરી, ઘેરે છે...
હું તો સંકોરુ કાય, અંગ અંગથી ભીંસાય, મંન મરવાનું થાય... હાય હાય !
ઓઢણી ઉડે તો ભલે ઉડી જાય...
ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય.

હાય રે... હાય રે, ઓલી વીજળી કરે ચમકાર, હાય હાય હાય વારંવાર... વારંવાર.
ઓ રે... ઓ રે, ઈ તો હૈયાનાં સાંધે તાર, હોયે હોયે હોયે હોયે નમણી નાર... નમણી નાર.
મારું મનડું મૂંઝાય, એવી લાગી રે લ્હાય, ના ના રે બુઝાય... હાય હાય !
ઓઢણી ઉડે તો ભલે ઉડી જાય...
ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય.

## સોના વાટકડી રે

સોના વાટકડી રે કેસર
ઘોળ્યાં વાલમિયા

લીલો તે રંગનો છોડ રંગમાં
ઘોળ્યાં વાલમિયા

નાક પરમાણે નથડી સોઈ રે વાલમિયા
ટીલડીની બબ્બે તારે જોડ રંગમાં
ઘોળ્યાં વાલમિયા

ડોક પરમાણે હારલાં સોઈ રે વાલમિયા
બારલાની બબ્બે તારે જોડ રંગમાં
ઘોળ્યાં વાલમિયા

પગ પરમાણે કડલાં સોઈ રે વાલમિયા
કાબિયુંની બબ્બે તારે જોડ રંગમાં
ઘોળ્યાં વાલમિયા

સોના વાટકડી રે કેસર
ઘોળ્યાં વાલમિયા

લીલો તે રંગનો છોડ રંગમાં
ઘોળ્યાં વાલમિયા

## વાદલડી વરસી રે

વાદલડી વરસી રે, સરોવર છલી વળ્યાં.
સાસરિયે જાવું રે, મહિયતિયે મહાલી રહ્યાં. ટેક
મારા પગ કેરાં કડલાં રે, વીરો મારો લેવા હાલ્યો.
વીરા લઇને વહેલો (૨) આવજે રે,
સાસરિયાં મારાં ઘેરે બેઠાં … વાદલડી …

મારા હાથ કેરો ચૂડલો રે, વીરો મારો લેવા હાલ્યો.
વીરા લઇને વહેલો (૨) આવજે રે,
સાસરિયાં મારાં ઘેરે બેઠાં … વાદલડી …

મારી ડોક કેરો હારલો રે, વીરો મારો લેવા હાલ્યો.
વીરા લઇને વહેલો (૨) આવજે રે,
સાસરિયાં મારાં ઘેરે બેઠાં … વાદલડી …

મારા નાક કેરી નથણી રે, વીરો મારો લેવા હાલ્યો.
વીરા લઇને વહેલો (૨) આવજે રે,
સાસરિયાં મારાં ઘેરે બેઠાં … વાદલડી …
વાદલડી વરસી રે, સરોવર છલી વળ્યાં.
સાસરિયે જાવું રે, મહિયતિયે મહાલી રહ્યાં.

## લવિંગ કેરી લાકડીએ

લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યાં જો !
ફૂલ કેરે દડુલિયે સીતાએ વેર વાળ્યાં જો !

રામ ! તમારે બોલડીએ હું પરઘેર બેસવા જઈશ જો !
તમે જશો જો પરઘેર બેસવા, હું વાતુડિયો થઈશ જો !

રામ ! તમારે બોલડીએ હું પરઘેર દળવા જઈશ જો !
તમે જશો જો પરઘેર દળવા, હું ઘંટુલો થઈશ જો !

રામ ! તમારે બોલડીએ હું પરઘેર ખાંડવા જઈશ જો !
તમે જશો જો પરઘેર ખાંડવા, હું સાંબેલું થઈશ જો !

રામ ! તમારે બોલડીએ હું જળમાં માછલી થઈશ જો !
તમે થશો જો જળમાં માછલી, હું જળમોજું થઈશ જો !

રામ ! તમારે બોલડીએ હું આકાશ વીજળી થઈશ જો !
તમે થશો જો આકાશ વીજળી, હું મેહુલિયો થઈશ જો !

રામ ! તમારે બોલડીએ હું બળીને ઢગલી થઈશ જો !
તમે થશો જો બળીને ઢગલી, હું ભભૂતિયો થઈશ જો !

## મેંદી તે વાવી માળવે

મેંદી તે વાવી માળવે ને
એનો રંગ ગયો ગુજરાત રે
મેંદી રંગ લાગ્યો રે

નાનો દિયરડો લાડકો જે,
કંઇ લાવ્યો મેંદીનો છોડ રે … મેંદી …

વાટી ઘૂંટીને ભર્યો વાટકો ને
ભાભી રંગો તમારા હાથ રે … મેંદી …

હે… લાંબો ડગલો, મૂછો વાંકડી, શિરે પાઘડી રાતી
બોલ બોલતો તોળી તોળી છેલછબીલો ગુજરાતી
હે.. તન છોટુ પણ મન મોટું, છે ખમીરવંતી જાતી
ભલે લાગતો ભોળો, હું છેલછબીલો ગુજરાતી

હાથ રંગીને વીરા શું રે કરું?
એનો જોનારો પરદેશ રે … મેંદી …

મેંદી તે વાવી માળવે ને
એનો રંગ ગયો ગુજરાત રે
મેંદી રંગ લાગ્યો રે.

# કુંતા અભિમન્યુને બાંધે અમ્મર રાખડી

કુંતા અભિમન્યુને બાંધે અમ્મર રાખડી રે...
દીકરા દુશ્મન ડરશે દેખી તારી આંખડી રે.

મારા બાલુડાં ઓ બાળ, તારા પિતા ગયા પાતાળ,
હાંરે મામો શ્રીગોપાળ, કરવા કૌરવકુળ સંહાર...
કુંતા અભિમન્યુને બાંધે અમ્મર રાખડી રે.

હે... માતા, પહેલે કોઠે કોણ આવી ઊભા હશે રે ?
પહેલે કોઠે ગુરુ દ્રોણ, એને જગમાં જીતે કોણ
કાઢી કાળવજ્રનુ બાણ, લેજો પલમાં એના પ્રાણ...
કુંતા અભિમન્યુને બાંધે અમ્મર રાખડી રે.

હે... માતા, બીજે કોઠે કોણ આવીને ઊભા હશે રે ?
બીજે કોઠે કૃપાચાર્ય, સામા સત્યતણે હથિયાર,
મારા કોમળઅંગ કુમાર, એને ત્યાં જઈ દેજો માર...
કુંતા અભિમન્યુને બાંધે અમ્મર રાખડી રે.

હે... માતા, ત્રીજે કોઠે કોણ આવીને ઊભા હશે રે ?
ત્રીજે કોઠે અશ્વસ્થામા, એને મોત ભમે છે સામા,
એથી થાજો કુંવર સામા, એના ત્યાં ઉતરવજો જામા...
કુંતા અભિમન્યુને બાંધે અમ્મર રાખડી રે.

હે... માતા, ચોથે કોઠે કોણ આવીને ઊભા હશે રે ?
ચોથે કોઠે કાકો કરણ, એને દેખી ધ્રૂજે ધરણ,
એને સાચે આવ્યાં મરણ, એનાં ભાંગજે તું તો ચરણ...
કુંતા અભિમન્યુને બાંધે અમ્મર રાખડી રે.

હે... માતા, પાંચમે કોઠે કોણ આવીને ઊભા હશે રે ?
પાંચમે કોઠે દૂર્યોધન પાપી, એને રીસ ઘણેરી વ્યાપી,
એને શિક્ષા સારી આપી, એના મસ્તક લેજો કાપી...
કુંતા અભિમન્યુને બાંધે અમ્મર રાખડી રે.

હે... માતા, છઠ્ઠે કોઠે કોણ આવીને ઊભા હશે રે ?
છઠ્ઠે કોઠે મામો શલ એ તો જન્મોજનમનો ખલ,
એને ટકવા નો દઈશ પલ, એનું અતિ ઘણું છે બલ...
કુંતા અભિમન્યુને બાંધે અમ્મર રાખડી રે.

હે... માતા, સાતમે કોઠે કોણ આવીને ઊભા હશે રે ?
સાતમે કોઠે એ જયદ્રથ ઈ તો લડવૈયો સમરથ,
એનો ભાંગી નાંખજે દત, એને આવજે બથ્થમબથ...
કુંતા અભિમન્યુને બાંધે અમ્મર રાખડી રે.

## વગડાની વચ્ચે વાવડી ને વાવડીની વચ્ચે દાડમળી

વગડાની વચ્ચે વાવડી ને વાવડીની વચ્ચે દાડમળી
દાડમળી ના દાણા રાતા ચોળ , રાતા ચોળ સે
પગમા લકક્ડ્ પાવડી ને , જરીયલ પેરી પાઘલડી
પાઘલડીના તાણા રાતાચોળ, રાતાચોળ સે.....વગડાની.....

આની કોર્ય પેલી કોર્ય, મોરલા બોલે , ઉત્તર દખ્ખણ ડુંગરા ડોલે,
ઇશાની વાયરો વિંજણું ઢોળે, ને વેરી મન મારું ચડ્યું ચકડોળે
નાનું અમથુ ખોરડું ને, ખોરડે જુલે છાબલડી
છાબલડીના બોરા રાતાચોળ, રાતાચોળ સે....વગડાની.....

ગામને પાદર રુમતા ને ઝુમતા નાગરવેલના રે વન સે રે
તીર્થ જેવો સસરો મારો, નટખટ નાની નંણદ સે રે
મૈયર વચ્ચે માવડી ને, સાસર વચ્ચે સાસલડી
સાસલડીના નયના રાતાચોળ, રાતાચોળ સે.....વગડાની.....

એક રે પારેવડું પિપળાની ડાળે બીજું રે પારેવડું સરોવર પાળે
રૂમઝુમ રૂમઝુમ જોડ્લી હાલે નેણલા પરોવી ને નેણલા ઢાળે
સોના જેવો કંથડો ને હું સોનાની વાટકળી
વાટકળી માં કંકુ રાતાચોળ, રાતાચોળ સે.

વગડાની વચ્ચે વાવડી ને વાવડીની વચ્ચે દાડમળી
દાડમળી ના દાણા રાતા ચોળ , રાતા ચોળ સે
પગમા લક્ડ્ પાવડી ને , જરીયલ પેરી પાઘલડી
પાઘલડી ના તાણા રાતા ચોળ, રાતા ચોળ સે.....વગડાની.....

# હાજી કાસમ, તારી વીજળી

હાજી કાસમ, તારી વીજળી રે મધદરિયે વેરણ થઇ
શેઠ કાસમ, તારી વીજળી રે સમદરિયે વેરણ થઇ
ભુજ અંજારની જાનું રે જૂતી, જાય છે મુંબઇ શે'ર
દેશ પરદેશી માનવી આવ્યાં, જાય છે મુંબઇ શે'ર
દશ બજે તો ટિકટું લીધી, જાય છે મુંબઇ શે'ર
તેર તેર જાનું સામટી જૂતી, બેઠા કેસરિયા વર
ચૌદ વીશું માંય શેઠિયા બેઠા, છોકરાંઓનો નહીં પાર
અગિયાર બજે આગબોટ હાંકી, જાય છે મુંબઇ શે'ર
બાર બજે તો બરોબર ચડિયાં, જાયછે મુંબઇ શે'ર
ઓતર દખણના વાયરા વાયા, વાયરે ડોલ્યાં વા'ણ
મોટા સાહેબની આગબોટું મળિયું, વીજને પાછી વાળ્ય
જહાજ તું તારું પાછું વાળ્ય રે માલમ આભે ધડાકા થાય
પાછી વાળું, મારી ભોમકા લાજે, અલ્લા માથે એમાન
આગ ઓલાણી ને કોયલા ખૂટ્યા, વીજને પાછી વાળ્ય
મધદરિયામાં મામલા મચે, વીજળી વેરણ થાય
ચહમાં માંડીને માલમી જોવે, પાણીનો ના'વે પાર
કાચને કુંપે કાગદ લખે, મોકલે મુંબઇ શે'ર
હિન્દુ મુસલમીન માનતા માને પાંચમે ભાગે રાજ
પાંચ લેતાં તું પાંચસે લેજે, સારું જમાડું શે'ર
ફટ ભૂંડી તું વીજળી મારાં, તેરસો માણસ જાય
વીજળી કે મારો વાંક નૈ, વીરા,લખિયલ છઠ્ઠીના લેખ
તેરસો માણસ સામટાં બૂડ્યાં, ને બૂડ્યા કેસરિયા વર
ચૂડી એ કોઠે દીવા જલે ને, જુએ જાનું કેરી વાટ
મુંબઇ શે'રમાં માંડવા નાખેલ, ખોબલે વેં'ચાય ખાંડ
ઢોલ ત્રંબાળુ ધ્રુસકે વાગે, જુએ જાનુંની વાટ
સોળસેં કન્યા ડુંગરે ચડી, જુએ જાનુંની વાટ
દેશ,દેશથી કંઈ તાર વછૂટ્યા, વીજળી બૂડી જાય
વાણિયો વાંચે ને ભાટિયા વાંચે, ઘર ઘર રોણાં થાય
પીઠી ભરી તો લાડડી રુએ, માંડવે ઊઠી આગ
સગું રુએ એનું સાગવી રુએ, બેની રુએ બાર માસ
મોટાસાહેબે આગબોટું હાંકી, પાણીનો ના'વે પાર
મોટા સાહેબે તાગ જ લીધા, પાણીનો ના'વે પાર
સાબ, મદ્યમ બે દરિયો ડોળે,પાણીનો ના'વે તાગ
હાજી કાસમ, તારી વીજળી રે મધદરિયે વેરણ થઇ

## સોના વાટકડી રે

સોના વાટકડી રે કેસર ઘોળ્યાં, વાલમિયા,
લીલો છે રગનો છોડ,રંગમાં રોળ્યાં, વાલમિયા.

પગ પરમાણે કડલાં સોઇં રે, વાલમિયા,
કાંબિયુંની બબ્બે મારે જોડ્ય,રંગમાં રોળ્યાં, વાલમિયા.

કેડ પરમાણે ઘાઘરો સોઇં રે, વાલમિયા,
ઓઢણીની બબ્બે મારે જોડ્ય,રંગમાં રોળ્યાં, વાલમિયા.

હાથ પરમાણે ચૂડલા સોઇં રે, વાલમિયા,
ગૂજરીની બબ્બે મારે જોડ્ય,રંગમાં રોળ્યાં, વાલમિયા.

ડોક પરમાણે ઝરમર સોઇં રે, વાલમિયા,
તુળસીની બબ્બે મારે જોડ્ય,રંગમાં રોળ્યાં, વાલમિયા.

કાન પરમાણે ઠોળિયાં સોઇં રે, વાલમિયા,
વાળિયુંની બબ્બે મારે જોડ્ય,રંગમાં રોળ્યાં, વાલમિયા.

નાક પરમાણે નથડી સોઇં રે, વાલમિયા,
ટીલડીની બબ્બે મારે જોડ્ય,રંગમાં રોળ્યાં, વાલમિયા.

## ચાંદો ઊગ્યો ચોકમાં

ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ, ચાંદો ઊગ્યો ચોકમાં
હે લહેરીડા, હરણુ આથમી રે હાલાર શે'રમાં અરજણિયા.

ઝાંપે તારી ઝૂંપડી ઘાયલ, ઝાંપે તારી ઝૂંપડી
ઝાંપે તારી ઝૂંપડી ઘાયલ, ઝાંપે તારી ઝૂંપડી
હે લહેરીડા, આવતા જાતાનો નેડો લાગ્યો રે અરજણિયા
ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ, ચાંદો ઊગ્યો ચોકમાં...

ગાયું તારી ગોંદરે ઘાયલ, ગાયું તારી ગોંદરે
ગાયું તારી ગોંદરે ઘાયલ, ગાયું તારી ગોંદરે
હે લહેરીડા, વાછરું વઢિયારમાં ઝોલાં ખાય રે અરજણિયા
ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ, ચાંદો ઊગ્યો ચોકમાં...

ભેંસું તારી ભાલમાં ઘાયલ, ભેંસું તારી ભાલમાં
ભેંસું તારી ભાલમાં ઘાયલ, ભેંસું તારી ભાલમાં
હે લહેરીડા, પાડરું પાંચાલમાં ઝોલાં ખાય રે અરજણિયા
ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ, ચાંદો ઊગ્યો ચોકમાં...

પાવો તું વગાડમા ઘાયલ, પાવો તું વગાડમા
પાવો તું વગાડમા ઘાયલ, પાવો તું વગાડમા
હે લહેરીડા, પાવો સાંભળીને પ્રાણ વિંધાય રે અરજણિયા
ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ, ચાંદો ઊગ્યો ચોકમાં...

તારે ને મારે ઠીક છે ઘાયલ, તારે ને મારે ઠીક છે
તારે ને મારે ઠીક છે ઘાયલ, તારે ને મારે ઠીક છે
હે લહેરીડા, ઠીકને ઠેકાણે વેલેરો આવ રે અરજણિયા
ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ, ચાંદો ઊગ્યો ચોકમાં

## મોરબીની વાણિયણ

કૂવા કાંઠે ઠીકરી જેમ ઘસી ઊજળી થાય
મોરબીની વાણિયણ મચ્છુ પાણી જાય

આગળ રે મોરબીની વાણિયણ
પાછળ રે મોરબીના રાજા ઘોડાં પાવા જાય

એ... કહે રે વાણિયાણી તારા બેડલાંના મૂલ
હે તારા બેડલાંના મૂલ

મને જાવા દ્યો જીવાજી ઠાકોર
રહેવા દ્યો ને મોરબીના રાજા
નથી કરવા મૂલ
મારે રે બેડલિયે તારા ઘોડલાં ડૂલ

એ... કહે રે વાણિયાણી તારી ઈંઢોણીના મૂલ
હે તારી ઈંઢોણીના મૂલ

મને જાવા દ્યો જીવાજી ઠાકોર
રહેવા દ્યો ને મોરબીના રાજા
નથી કરવા મૂલ
મારી રે ઈંઢોણીમાં તારા હાથીડાં ડૂલ

એ... કહે રે વાણિયાણી તારા અંબોડાના મૂલ
હે તારા અંબોડાના મૂલ

મને જાવા દ્યો જીવાજી ઠાકોર
રહેવા દ્યો ને મોરબીના રાજા
નથી કરવા મૂલ
મારા રે અંબોડે તારા રાજ થાય ડૂલ

એ... કહે રે વાણિયાણી તારા પાનિયુંના મૂલ
હે તારી પાનિયુંના મૂલ

મને જાવા દ્યો જીવાજી ઠાકોર
રહેવા દ્યો ને મોરબીના રાજા
નથી કરવા મૂલ
મારી રે પાનિયુંમાં તારું માથું થાય ડૂલ

કૂવા કાંઠે ઠીકરી જેમ ઘસી ઊજળી થાય
મોરબીની વાણિયણ મચ્છુ પાણી જાય

## એક ઝાડ માથે ઝુમખડું

એક ઝાડ માથે ઝુમખડું
ઝુમખડે રાતા ફૂલ રે,
ભમ્મર રે રંગ ડોલરિયો...

એક સરોવર પાળે આંબલિયો
આંબલિયે ઝૂલતી ડાળ રે,
ભમ્મર રે રંગ ડોલરિયો...

એક આંબા ડાળે કોયલડી
એનો મીઠો મીઠો સાદ રે,
ભમ્મર રે રંગ ડોલરિયો...

એક નરને માથે પાઘલડી
પાઘડીયે ફૂમતા લાલ રે,
ભમ્મર રે રંગ ડોલરિયો...

એક ભાલે કંકુ ચાંદલિયો
એના રાતા રાતા તેજ રે,
ભમ્મર રે રંગ ડોલરિયો...

## હું તો કાગળિયાં લખી લખી થાકી

હું તો કાગળિયાં લખી લખી થાકી,
કાનુડા તારા મનમાં નથી.

આવા શિયાળાના ચાર ચાર મહિના આવ્યા,
મારા કાળજડાં ઠરી ઠરી જાય રે,
પાતળીયા તારા મનમાં નથી..... હું તો.....

આવા ઉનાળાના ચાર ચાર મહિના આવ્યા,
મારા પાવનિયાં બળી બળી જાય રે,
છોગાળા તારા મનમાં નથી..... હું તો.....

આવા ચોમાસાનાં ચાર ચાર મહિના આવ્યા,
મારી ચૂંદલડી ભીંજાઇ ભીંજાઇ જાય રે,
કાનુડા તારા મનમાં નથી.

હું તો કાગળિયાં લખી લખી થાકી,
કાનુડા તારા મનમાં નથી.

## મારી સગી નણંદના વીરા

મારી સગી નણંદના વીરા, રૂમાલ મારો લેતા જજો,
રૂમાલ મારો લેતા જાજો, કે દલ દેતા જજો,
મારી સગી નણંદના વીરા, રૂમાલ મારો લેતા જજો.

લીલી ઘોડીના અસવાર રે, રૂમાલ મારો લેતા જજો,
એ લેતા જજો, કે દલ તમારું દેતા જજો,
મારી સગી નણંદના વીરા, રૂમાલ મારો લેતા જજો.

ઓલ્યા વાણિયાના હાટનો લીલો રૂમાલ,
મારી સગી નણંદના વીરા, રૂમાલ મારો લેતા જજો.

ઉતારા આલીશ ઓરડા, રૂમાલ મારો લેતા જજો,
મેડી મોલાત્યું માણશું કે રૂમાલ મારો લેતા જજો.

ભોજન આલીશ લાડવા, રૂમાલ મારો લેતા જજો,
તને પીરસું સાકરિયો કંસાર, રૂમાલ મારો લેતા જજો.

નાવણ આલીશ કૂંડિયું, એ રૂમાલ મારો લેતા જજો,
ઝિલણિંયાં તળાવ જાઇશું, રૂમાલ મારો લેતા જજો,
મારી સગી નણંદના વીરા, રૂમાલ મારો લેતા જજો.

## મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે

મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે,
મારાં હૈડાં હારોહાર, મારાં દલડે લેરાલેર જાય,
જનાવર જીવતાં ઝાલ્યાં રે,
મોર ક્યાં બોલે.....મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે.

મારે કમખે બેઠો રે, મોર ક્યાં બોલે
મારી ચુંદડી લેરાલેર, જનાવર જીવતાં ઝાલ્યાં રે,
મોર ક્યાં બોલે...મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે.

મારા કડલે બેઠો રે, મોર ક્યાં બોલે
મારી કાંબીયું લેરાલેર, જનાવર જીવતાં ઝાલ્યાં રે,
મોર ક્યાં બોલે...મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે.

## ચૂંદડીએ રંગ લાગ્યો

રંગ લાગ્યો ચૂંદડીએ રંગ લાગ્યો,
હોવે હોવે ચૂંદડીએ રંગ લાગ્યો,

મારી ચૂંદડીના ચટકા ચાર
ચૂંદડીએ રંગ લાગ્યો.

મારા પ્રભુજી આવ્યા પરોણલા
એમને શાં શાં બેસણાં દઈશ.... ચૂંદડીએ...

છે ચૂંદડી લાલ ગુલાલ,
એમને સાંગાં માંચી હીરે ભરી.... ચૂંદડીએ....

મારા પ્રભુજી આવ્યા પરોણલા,
એમને શાં શાં દાતણ દઈશ,
એમને દાતણ દાડમી દઈશ.... ચૂંદડીએ...

મારા પ્રભુજી આવ્યા પરોણલા,
એમને શાં શાં ઝીલણ દઈશ.... ચૂંદડીએ...
એમને તાંબાની કુંડીએ જળે ભરી,
એમને હિરકોરી ધોતિયાં દઈશ.... ચૂંદડીએ....

મારા પ્રભુજી આવ્યા પરોણલા,
એમને શાં શાં ભોજન દઈશ... ચૂંદડીએ....
એમને સેવ, સુંવાળી ને લાપશી,
એમને ખોબલે પીરસીશ ખાંડ... ચૂંદડીએ....

મારા પ્રભુજી આવ્યા પરોણલા,
એમને શાં શાં મુખવાસ દઈશ... ચૂંદડીએ...
એમને લવિંગ, સોપારી ને એલચી,
એમને પાનનાં બીડલાં દઈશ... ચૂંદડીએ....

રંગ લાગ્યો ચૂંદડીએ રંગ લાગ્યો,
હોવે હોવે ચૂંદડીએ રંગ લાગ્યો.

## આજ રે સ્વપનામાં મેં તો

આજ રે સ્વપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,
ખળખળતી નદિયું રે, સાહેલી, મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મે તો ઘમ્મર વલોણું દીઠું જો,
દહીં - દૂધના વાટકા રે, સાહેલી, મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મેં તો લવિંગ લાકડી દીઠી જો,
ઢીંગલાં ને પોતિયાં રે, સાહેલી, મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મેં તો જટાળો જોગી દીઠો જો,
સોનાની થાળી રે, સાહેલી, મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મે તો પારસપીપળો દીઠો જો,
તુળસીનો ક્યારો રે, સાહેલી, મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મે તો ગુલાબી ગોટો દીઠો જો,
ફૂલડિયાંની ફોર્યું રે, સાહેલી, મારા સ્વપનામાં રે.

ડોલતો ડુંગર ઇ તો અમારો સસરો જો,
ખળખળતી નદીએ રે સાસુજી મારાં ના’તાં’તાં રે.

ઘમ્મર વલોણું ઇ તો અમારો જેઠ જો,
દહીં - દૂધના વાટકા રે જેઠાણી મારાં જમતાં’તાં રે.

લવિંગ - લાકડી ઇ તો અમારો દેર જો,
ઢીંગલે ને પોતિયે રે દેરાણી મારાં રમતાં’તાં રે.

જટાળો જોગી ઇ તો અમારો નણદોઇ જો,
સોનાની થાળીએ રે નણદી મારાં ખાતાં’તાં રે.

પારસ પીપળો ઇ તો અમારો ગોર જો,
તુળસીનો ક્યારો રે ગોરાણી મારાં પૂજતાં’તાં રે.

ગુલાબી ગોટો ઇ તો અમારો પરણ્યો જો,
ફૂલડિયાંની ફોર્યું, સાહેલી, મારી ચૂંદડીમાં રે.

## મને કેર કાંટો વાગ્યો

હો રાજ રે !

વાવડીનાં પાણી ભરવા ગ્યાં'તા મને કેર કાંટો વાગ્યો.

હો રાજ રે !

વડોદરાના વૈદડા તેડાવો, મારાં કાંટડિયા કઢાવો,

મને પાટડિયા બંધાવો; મને કેર કાંટો વાગ્યો.

હો રાજ રે !

ધોરાજીના ઢોલિયા મંગાવો, માંહી પાથરણાં પથરાવો,

આડા પડદલા બંધાવો; મને કેર કાંટો વાગ્યો.

હો રાજ રે !

ઓશરિયેથી ખાંડણિયા રે કાઢો, મારા ધબકે ખંભા દુખે;

મને કેર કાંટો વાગ્યો.

હો રાજ રે !

સસરાજીને ચોવટ કરવા મેલો, મને ઘૂંઘટડા કઢાવો;

મને કેર કાંટો વાગ્યો.

હો રાજ રે !

નણંદડીને સાસરિયે વળાવો, એનાં છોરુડાંને સોતી,

મને કેર કાંટો વાગ્યો.

હો રાજ રે !

ફળિયામાંથી પાડોસણને કાઢો, એના રેંટિયાને સોતી,

મને કેર કાંટો વાગ્યો.

## દાદા હો દીકરી

દાદા હો દીકરી, દાદા હો દીકરી, વાગડમાં ન દેજો રે સૈ
વાગડની વઢીયારણ સાસુ દોહ્યલી રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

દીએ દળાવે મુને, દીએ દળાવે મુને, રાતલડીએ કંતાવે રે સૈ
પાછલે તે પરોઢીએ પાણી મોકલે રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

ઓશીકે ઈંઢોણી વહુ, ઓશીકે ઈંઢોણી વહુ, પાંગતે સીંચણિયું રે સૈ
સામી તે ઓરડીએ, વહુ તારું બેડલું રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

ઘડો ન બુડે મારો, ઘડો ન બુડે, મારું સીંચણિયું નવ પૂગે રે સૈ
ઊગીને આથમિયો દી કૂવા કાંઠડે રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

ઊડતા પંખીડા વીરા, ઊડતા પંખીડા વીરા, સંદેશો લઈ જાજો રે સૈ
દાદાને કહેજો કે દીકરી કૂવે પડે રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

કહેજો દાદાને રે, કહેજો દાદાને રે, મારી માડીને નવ કહેજો રે સૈ
માડી મારી આંસુ સારશે રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

કૂવે ન પડજો દીકરી, કૂવે ન પડજો દીકરી, અફીણિયાં નવ ઘોળજો રે સૈ
અંજવાળી તે આઠમનાં આણાં આવશે રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

કાકાના કાબરિયા, કાકાના કાબરિયા, મારા મામાના મૂંઝડિયા રે સૈ
વીરાના વઢિયારા વાગડ ઊતર્યા રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

કાકાએ સીંચ્યું, કાકાએ સીંચ્યું ને મારા મામાએ ચડાવ્યું રે સૈ
વીરાએ આંગણ બેડું ફોડિયું રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

## રૂમાલ મારો લેતા જજો

મારી સગી નણંદના વીરા, રૂમાલ મારો લેતા જજો,
રૂમાલ મારો લેતા જજો, કે દલ દેતા જજો,
મારી સગી નણંદના વીરા, રૂમાલ મારો લેતા જજો !

લીલી ઘોડીના અસવાર રે, રૂમાલ મારો લેતા જજો,
એ લેતા જજો, કે દલ તમારું દેતા જજો,
મારી સગી નણંદના વીરા, રૂમાલ મારો લેતા જજો !

ઓલ્યા વાણિયાના હાટનો લીલો રૂમાલ,
મારી સગી નણંદના વીરા, રૂમાલ મારો લેતા જજો !

ઉતારા આલીશ ઓરડા, રૂમાલ મારો લેતા જજો,
મેડી મોલાત્યું માણશું કે રૂમાલ મારો લેતા જજો – મારી સગી....

ભોજન આલીશ લાડવા, રૂમાલ મારો લેતા જજો,
તને પીરસું સાકરિયો કંસાર, રૂમાલ મારો લેતા જજો – મારી સગી....

નાવણ આલીશ કુંડિયું, એ રૂમાલ મારો લેતા જજો,
બિલણિયા તળાવ જાઈશું, રૂમાલ મારો લેતા જજો !
મારી સગી નણંદના વીરા, રૂમાલ મારો લેતા જજો !

## મમતાનો વીરડો રે મારી માવડી

હે એવો મમતાનો વીરડો રે મારી માવડી.
હે વહે સદા આંખે અમીધાર રે માવલડી મારી.

હે એવા મધથી રે મીઠડાં તે તારા વેણલાં
હે હોઠે ઝરે હેત ભારોભાર રે માવલડી મારી.
મમતાનો વીરડો રે...

હે એવા પથરાં રે જેટલાં રે પૂજ્યા દેવને... રે માએ (2)
હે નવનવ મહિના કોઠે જીલ્યા વાર રે માવલડી મારી.
મમતાનો વીરડો રે...

હે એવા ભીને રે રહીને સૂકે સૂવડાવ્યા
હે કેમ ભૂલું હું મા તારા ઉપકાર રે માવલડી મારી.
મમતાનો વીરડો રે...

હે જનની જાણે જગદંબાનું રૂપ રે માવલડી મારી.
હે એવો મમતાનો વીરડો રે મારી માવડી.

## કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી

કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી
ભાઇની બેની લાડકી ને ભાઇલો ઝુલાવે ડાળખી...

લીંબડીની આજ ડાળ ઝુલાવે, લીંબોળી ઝોલા ખાય,
હીંચકો નાનો બેનનો એવો, આમ ઝુલણ્યો જાય,
લીંલુડી લીંબડી હેઠે, બેનીબા હિંચકે હીંચે.
કોણ હલાવે...

એ પંખીડા, પંખીડા, ઓરા આવો એ પંખીડા,
બેની મારી હીંચકે હીંચે, ડાળીઓ તું ઝુલાવ,
પંખીડા ડાળીએ બેસો, પોપટજી પ્રેમથી હીંચો.
કોણ હલાવે...

આજ હીંચોડુ બેનડી તારા હેત કહ્યા ના જાય,
મીઠડો વાયુ આજ બેની તારા હીંચકે બેસી જાય
કોયલ ને મોરલા બોલે, બેની નો હીંચકો ડોલે.

કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી
ભાઇની બેની લાડકી ને ભઇલો ઝુલાવે, બેનડી જુલે, ભાઇલો ઝુલાવે ડાળખી.

## જમુના ને કાંઠે કા’નો વાંસળી વગાડતો

જમુના ને કાંઠે કા’નો વાંસળી વગાડતો
સૂર એના એવા રેલાઈ રે…
વાંસળીના સૂર સૂની, ગોપીઓ ભાન ભૂલી
સૂર એના એવા રેલાઈ રે…

ઝરમર ઝરમર મેહુલિયો વરસે,
રાધા સંગ કા’નો ભીંજાઈ રે…
કાળી કાળી વાદળીમાં વીજળી ઝબૂકી,
બારે મેઘ આજે મંડાઈ રે…
જમુના ને કાંઠે…

મનમાં મારા ઉમંગ એવો જાગ્યો,
મીરાં થઇ તુજમાં સમાઈ જાઉં…
વિરહની વેદના હવે સહ્રાય ના,
ઓ શ્યામ, મુજને સમાવી લે…
જમુના ને કાંઠે…

## લીલી લીલી ઈંઢોણી હીરની રે

લીલી લીલી ઈંઢોણી હીરની રે,
મને પાણી ભર્યાની ઘણી હોંશ રે;
લીલી ઈંઢોણી હીરની રે.

સાંકડી શેરીમાં સસરો સામા મળ્યા રે,
મને લાજ કાઢ્યાની ઘણી હોંશ રે. – લીલી૦

સાંકડી શેરીમાં જેઠજી સામા મળ્યા રે,
મને ઝીણું બોલ્યાની ઘણી હોંશ રે. – લીલી૦

સાંકડી શેરીમાં જેઠાણી સામા મળ્યા રે,
મને ઠેકડી કર્યાની ઘણી હોંશ રે. – લીલી૦

સાંકડી શેરીમાં દેરજી સામા મળ્યા રે,
મને હસ્યા-બોલ્યાની ઘણી હોંશ રે. – લીલી૦

સાંકડી શેરીમાં નણદી સામા મળ્યા રે,
મને માથું ગૂંથ્યાની ઘણી હોંશ રે. – લીલી૦

સાંકડી શેરીમાં વાલમ સામા મળ્યા રે,
મને મોઢું મલકાવ્યાની હોંશ રે. – લીલી૦

## સૈયર મેંદી લેશું રે

મેંદી લેશું, મેંદી લેશું, મેંદી મોટા ઝાડ,
એક હલાવું ડાળ ત્યારે ડાળાં હલે ચાર,
સૈયર મેંદી લેશું રે.

મારી સાસુએ એમ કહ્યું કે વાસીદાં વાળી મેલ,
મેં ભોળીએ એમ જાણ્યું કે સાવરણી બાળી મેલ,
સૈયર મેંદી લેશું રે.

મારી સાસુએ એમ કહ્યું કે પાણીડાં ભરી મેલ,
મેં ભોળીએ એમ જાણ્યું કે બેડલાં ફોડી મેલ,
સૈયર મેંદી લેશું રે.

મારી સાસુએ એમ કહ્યું કે રોટલા ઘડી મેલ,
મેં ભોળીએ એમ જાણ્યું કે ચૂલો ખોદી મેલ,
સૈયર મેંદી લેશું રે.

મારી સાસુએ એમ કહ્યું કે કોડમાં દીવો મેલ,
મેં ભોળીએ એમ જાણ્યું કે સોડમાં દીવો મેલ,
સૈયર મેંદી લેશું રે.

મેંદી લેશું, મેંદી લેશું, મેંદી મોટા ઝાડ,
એક હલાવું ડાળ ત્યારે ડાળાં હલે ચાર,
સૈયર મેંદી લેશું રે.

## પાણી ગ્યાં'તાં રે, બેની અમે તળાવનાં રે

પાણી ગ્યાં'તાં રે, બેની અમે તળાવનાં રે,
પાળેથી લપસ્યો પગ, બેડાં મારાં નંદવાણાં રે.

ચોરે બેઠા રે બેની, મારા સસરાજી રે,
કેમ કરી ઘરમાં જઈશ? બેડાં મારાં નંદવાણાં રે... પાણી...

લાંબા તાણીશ રે બેની, મારા ઘૂંઘટા રે,
હળવી હળવી જઈશ, બેડાં મારાં નંદવાણાં રે... પાણી...

ડેલીએ બેઠા રે બેની, મારા જેઠજી રે,
કેમ કરી ઘરમાં જઈશ? બેડાં મારાં નંદવાણાં રે... પાણી...

સરડક તાણીશરે બેની, મારા ઘૂંઘટા રે,
હળવી હળવી જઈશ, બેડાં મારાં નંદવાણાં રે... પાણી...

મેડીએ બેઠો રે બેની, મારો પરણ્યો રે,
કેમ કરી ઘરમાં જઈશ? બેડાં મારાં નંદવાણાં રે... પાણી...

આછા તાણીશ રે બેની, મારા ઘૂંઘટા રે,
રૂમઝૂમ કરતી જઈશ, બેડાં મારાં નંદવાણાં રે.

પાણી ગ્યાં'તાં રે, બેની અમે તળાવનાં રે,
પાળેથી લપસ્યો પગ, બેડાં મારાં નંદવાણાં રે.

## અચકો મચકો કાં રે અલી

તમે કિયા તે ગામનાં ગોરી રાજ
અચકો મચકો કાં રે અલી ?
  અમે નવાનગરના ગોરી રાજ
  અચકો મચકો કાં રે અલી ?
તમે કિયા તે ગામથી આવ્યા રાજ
અચકો મચકો કાં રે અલી ?
  અમે પોરબંદરથી આવ્યા રાજ
  અચકો મચકો કાં રે અલી ?
તમે કેટલી તે બેન કુંવારી રાજ
અચકો મચકો કાં રે અલી ?
  અમે સાતે બેન કુંવારી રાજ
  અચકો મચકો કાં રે અલી ?
તમે કેટલા ભાઈ કુંવારા રાજ
અચકો મચકો કાં રે અલી ?
  અમે સાતે ભાઈ કુંવારા રાજ
  અચકો મચકો કાં રે અલી ?
તમને કઈ કન્યા ગમશે રાજ
અચકો મચકો કાં રે અલી ?
  અમને શામળી કન્યા ગમશે રાજ
  અચકો મચકો કાં રે અલી ?
એ કાળીને શું કરશો રાજ
અચકો મચકો કાં રે અલી ?
  એ કાળી ને કામણગારી રાજ
  અચકો મચકો કાં રે અલી ?
અમે નવાનગરની છોરી રાજ
અચકો મચકો કાં રે અલી ?

## આજ રે સપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો

આજ રે સપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,
ખળખળતી નદિઉં રે સાહેલી મારા સપનામાં રે.

આજ રે સપનામાં મે તો ઘમ્મર-વલોણું દીઠું જો,
દહીંદૂધના વાટકા રે સાહેલી મારા સપનામાં રે.

આજ રે સપનામાં મેં તો લવિંગ-લાકડી દીઠી જો,
ઢીંગલાં ને પોતિયાં રે સાહેલી મારા સપનામાં રે.

આજ રે સપનામાં મેં તો જટાળો જોગી દીઠો જો,
સોનાની થાળી રે સાહેલી મારા સપનામાં રે.

આજ રે સપનામાં મે તો પારસપીપળો દીઠો જો,
તુળસીનો ક્યારો રે સાહેલી મારા સપનામાં રે.

આજ રે સપનામાં મે તો ગુલાબી ગોટો દીઠો જો,
ફૂલડિયાંની ફોરમ રે સાહેલી મારા સપનામાં રે.

ડોલતો ડુંગર ઈ તો અમારો સસરો જો,
ખળખળતી નદીએ રે સાસુજી મારાં ન્હાતાં’તાં રે.

ઘમ્મર-વલોણું ઈ તો અમારો જેઠ જો,
દહીંદૂધના વાટકા રે જેઠાણી મારાં જમતાં’તાં રે.

લવિંગ-લાકડી ઈ તો અમારો દેર જો,
ઢીંગલે ને પોતિયે રે દેરાણી મારાં રમતાં’તાં રે.

જટાળો જોગી ઈ તો અમારો નણદોઈ જો,
સોનાની થાળીએ રે નણદી મારાં ખાતાં’તાં રે.

પારસપીપળો ઈ તો અમારો ગોર જો,
તુળસીનો ક્યારો રે ગોરાણી મારાં પૂજતાં’તાં રે.

ગુલાબી ગોટો ઈ તો અમારો પરણ્યો જો,
ફૂલડિયાંની ફોરમ સાહેલી મારી ચૂંદડીમાં રે.

## આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે

આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે
કે ઝીણા ઝરમર વરસે મેઘ
ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે !

ભીંજાય હાથી ને ભીંજાય ઘોડલાં રે,
કે ભીંજાય હાથીનો બેસતલ સૂબો
ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે ! – આભમાં૦

ભીંજાય મેડી ને ભીંજાય માળિયાં રે
કે ભીંજાય મેડીની બેસતલ રાણી
ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે ! – આભમાં૦

ભીંજાય બારી ને ભીંજાય બંગલા રે
કે ભીંજાય બારીનો બેસતલ સૂબો
ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે ! – આભમાં૦

ભીંજાય લીલી ઘોડી ને પીળો ચાબખો રે
ભીંજાય પાતળિયો અસવાર
ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે ! – આભમાં૦

તમને વા'લી દરબારી ચાકરી રે,
કે અમને વા'લો તમારો જીવ
ગુલાબી ! નહીં જાવા દઉં ચાકરી રે ! – આભમાં૦

## સાયબા, હું તો ત્રાંબાની હેલ્યે પાણી નૈ ભરું

સાયબા, હું તો ત્રાંબાની હેલ્યે પાણી નૈ ભરું રે લોલ,
સાયબા, મુને રૂપલા બેડાની ઘણી હામ રે
સાયબા, મુને મુંબઇમાં મો'લ ચણાવજો રે લોલ.

સાયબા, મારે સાસરો ભલા પણ વેગળા રે લોલ,
સાયબા, મુને ઘૂંઘટ કાઢ્યાની ઘણી હામ રે.- સાયબા, મુને...

સાયબા, મારી સાસુ ભલાં પણ વેગળા રે લોલ,
સાયબા, મુને પગે પડ્યાની ઘણી હામ રે. - સાયબા, મુને...

સાયબા, મારે જેઠ ભલા પણ વેગળા રે લોલ,
સાયબા, મુને ઝીણું બોલ્યાની ઘણી હામ રે. - સાયબા, મુને...

સાયબા, મારે જેઠાણી ભલાં પણ વેગળાં રે લોલ,
સાયબા, મુને વાદ વદ્યાની ઘણી હામ રે. - સાયબા, મુને...

સાયબા, મારો દેર ભલા પણ વેગળા રે લોલ,
સાયબા, મુને હસ્યા બોલ્યાની ઘણી હામ રે. - સાયબા, મુને...

સાયબા, મારી દેરાણી ભલાં પણ વેગળા રે લોલ,
સાયબા, મુને જોડે રે'વાની ઘણી હામ રે. - સાયબા, મુને...

## છલકાતું આવે બેડલું

છલકાતું આવે બેડલું !
મલકાતી આવે નાર રે મારી સાહેલીનું બેડલું –
છલકાતું આવે બેડલું...
મારા ગામના સુતારી રે વીરા તમને વીનવું,
મારી માંડવડી ઘડી લાવો રે મારી સાહેલીનું બેડલું -
છલકાતું આવે બેડલું...
મારા ગામના લુહારી રે વીરા તમને વીનવું,
મારી માંડવડી મઢી લાવો રે મારી સાહેલીનું બેડલું -
છલકાતું આવે બેડલું...
મારા ગામના રંગારી રે વીરા તમને વીનવું,
મારી માંડવડી રંગી લાવો રે મારી સાહેલીનું બેડલું -
છલકાતું આવે બેડલું...
મારા ગામના કુંભારી રે વીરા તમને વીનવું,
મારે ગરબે કોડિયાં મેલાવો રે મારી સાહેલીનું બેડલું –
છલકાતું આવે બેડલું...
મારા ગામના પિંજારી રે વીરા તમને વીનવું,
મારા ગરબે દિવેટ મેલાવો રે મારી સાહેલીનું બેડલું –
છલકાતું આવે બેડલું...
મારા ગામના ઘાંચીડા રે વીરા તમને વીનવું,
મારે ગરબે દિવેલ પુરાવો રે મારી સાહેલીનું બેડલું -
છલકાતું આવે બેડલું...
મારા ગામના મોતીઆરા રે વીરા તમને વીનવું,
મારો ગરબો ભલેરો શણગાર રે મારી સાહેલીનું બેડલું -
છલકાતું આવે બેડલું...
મારા ગામની દીકરિયું રે બેની તમને વીનવું,
મારો ગરબો ભલેરો ગવરાવો રે મારી સાહેલીનું બેડલું -
છલકાતું આવે બેડલું...
મારા ગામની વહુવારુ રે ભાભી તમને વીનવું,
મારો ગરબો ભલેરો ઝીલાવો રે મારી સાહેલીનું બેડલું -
છલકાતું આવે બેડલું...

## ભાગું તો મારી ભોમકા લાજે ને ભોરિંગ ઝીલે ન ભાર

ભાગું તો મારી ભોમકા લાજે ને ભોરિંગ ઝીલે ન ભાર,
હે મેરુ સરીખા ડોલવા લાગે એને આકાશનો આધાર,
મેરામણ માઝા ન મુકે ચેલૈયો સતનો ચુકે.(2)

મોરધ્વજ રાજાએ અંગ વેરાવ્યા, દીધા કર્ણે દાન,(2)
શિબી રાજાએ જાંઘને કાપી,(2) ત્યારે મળ્યા ભગવાન.
- મેરામણ૦
દધીચી ઋષિને દેવતા યાચે, વાંસાનું કરવા વજર,(2)
હે કુહાડે જેના અંગડા કાપ્યા,(2) ત્યારે મળ્યા ભગવાન.
- મેરામણ૦
શિર મળે પણ સમય મળે નહિ, સાધુ છે મેમાન,(2)
હે અવસર આવ્યે પાછા ન પડીએ,(2) કાયા થાય કુરબાન.
- મેરામણ૦

## સોનાની સાંકળે બાંધ્યો હિંડોળો

સોનાની સાંકળે બાંધ્યો હિંડોળો આંબાની ડાળ,
રૂપાનાં કડલાં ચાર,
વા'લો મારો હીંચે હિંડોળે.... આંબાની ડાળ o
બાંયે બાજુબંધ બેરખા રે આંબાની ડાળ (2)
કિનખાબી સુરવાલ,
વા'લો મારો હીંચે હિંડોળે.... આંબાની ડાળ o
ચડવા તે ઘોડલા હંસલા રે, આંબાની ડાળ (2)
પિતળીયા પલાણ,
વા'લો મારો હીંચે હિંડોળે.... આંબાની ડાળ o
પગે રાઠોડી મોજડી રે, આંબાની ડાળ (2)
ચાલે ચટકતી ચાલ,
વા'લો મારો હીંચે હિંડોળે.... આંબાની ડાળ o
માથે મેવાડી મોળિયાં, આંબાની ડાળ (2)
દશે આંગળીએ વેઢ,
વા'લો મારો હીંચે હિંડોળે.... આંબાની ડાળ o

## માલમ મોટાં હલેસાં તું માર

માલમ મોટાં હલેસાં તું માર,
મારે જાવું મધદરિયાની પાર
મેણું માર્યું છે મને ભાભલડીએ,
દે’ર આળકનો સરદાર;
હે... ભાઈ કમાય ને ભાઈ ઘોડલાં ખેલવે,
એનો બળ્યો અવતાર રે...માલમ૦

જાવું છે મારે જાવા બંદરે જ્યાં
લખમીનો નહિ પાર
હે... જાવે ગિયા કોઈ પાછા ન આવે,
આવે તો બેડલો પાર રે...માલમ૦

જાવું છે મારે સિંહલદ્વીપમાં
પરણવા પદમણી નાર;
હે... મોતીડે પોંખે જો ભાભલડી મારી
તો તો જીવવામાં સાર રે...માલમ૦

કેસરભીના તમે જીવો ભાભલડી મારાં
જીવો જીભલડીની ધાર;
હે... મેણા મારીને મારી મતિ સુધારી
ખોલ્યા તે મનના દ્વાર રે...માલમ૦

માલમ મોટાં હલેસાં તું માર,
મારે જાવું મધદરિયાની પાર

## અમર ફૂલવેંઝણો

અધમણ સોનું ને અધમણ રૂપું;
તેનો ઘડાયો ફૂલવેંઝણો રે !
વેંઝણો મેલીને અમે જલપાણી જ્યાં'તાં;
નાના દિયરિયે સંતાડ્યો ફૂલવેંઝણો રે !

કાંતો દિયર ! તમને હાથીડા લઇ આલું;
આલો, અમર ફૂલવેંઝણો રે !
તમારા હાથીડા ભોજાઈ ! ચઢતાં ન આવડે;
નથી લીધો, ફૂલવેંઝણો રે !

કાંતો દિયર ! તમને ઘોડીલા લઇ આલું;
આલો, અમર ફૂલવેંઝણો રે !
તમારા ઘોડીલા ભોજાઈ ! ખેલતાં ન આવડે;
નથી લીધો, ફૂલવેંઝણો રે !

કાંતો દિયર ! તમને ધોરીડા લઇ આલું;
આલો, અમર ફૂલવેંઝણો રે !
તમારા ધોરીડા ભોજાઈ ! હાંકતાં ન આવડે;
નથી લીધો, ફૂલવેંઝણો રે !

કાંતો દિયર ! તમને વેલડીયો લઇ આલું;
આલો, અમર ફૂલવેંઝણો રે !
તમારી વેલડીયો ભોજાઇ ! જોડતાં ન આવડે;
નથી લીધો, ફૂલવેંઝણો રે !

કાંતો દિયર ! તમને જોટડીયો લઇ આલું;
આલો, અમર ફૂલવેંઝણો રે !
તમારી જોટડીયો ભોજાઇ ! દો'તાં ન આવડે;
નથી લીધો, ફૂલવેંઝણો રે !

કાંતો દિયર ! તમને બેની પરણાવું;
આલો, અમર ફૂલવેંઝણો રે !
તમારી બેની ભોજાઈ ! હરખે પરણાવો;
સામો પડ્યો ફૂલવેંઝણો રે !

અમારો હતો એ અમને રે આલ્યો !
તમને પરણાવું કાળી કૂતરી રે !

## વાસંતી વગડો

ભરીએ હૈયે ઉમંગની ઝોળી
રમીએ ગુલાલે રંગભરી હોળી
ઉરના ઓવારે, વસંતના બોલે
આ પ્રેમનું પટારું કોણ ખોલે?
સહિયર મોરી,વગડો વીણવા જઈએ
નાચંતા મોરલા, વસંતના વાયરા
કુંજકુંજ ગાજંતા, કોયલના ડાયરા
કેસુડે ચઢીને કોઈ બોલે
જગ આખું ઝીલીને ડોલે
સહિયર મોરી,વગડો ઝીલવા જઈએ
રૂમઝુમ કરતું આવે ઝરણું
ભીંજવીને જાય એ છાનું
નયનો રમાડે, શરમ ભોળી
હાલ શોધીએ ખળખળ દોડી
સહિયર મોરી, વગડે ઝૂલવા જઈએ
પાવન પમરાટે ડોલી ગૂંથી
ઉગતા ઈન્દુને , બાંધીએ દોરી
વસંતના વાયરા લપેટી
સહિયર મોરી,
મેળામાં મહાલવા જઈએ
આજ વગડો વીણવા જઈએ
મહે રે ફૂલડાં માનવનાં દલડાં
હીંચે ઉમંગે, હરિયાળાં વગડાં
લહેરિયાની ભાતોને ઝોલે,
સહિયર મોરી,
હરખ વધાવવા જઈએ
આજ વગડો વીણવા જઈએ.

## પે'લા તે પે'લા જુગમા રાણી

પે'લા તે પે'લા જુગમા રાણી
તુ હતી પોપટી ને, અમે રે પોપટ રાજા રામનાં
હોજી રે અમે રે પોપટ રાજા રામનાં.

ઓતરાદે ખંડમાં આંબલો પાક્યો ત્યારે
સૂડલે મરેલ મુને ચાંચ રાણી પીંગળા
હે... પીડે ફકીરે મારા પ્રાણ જ હર્યાને
ચોય ન હાલી મોરી સાથ મારી પીંગળા
દનડા સંભારો ખમ્મા, પૂર્વજન્મના સેહવાસનાં

હે... બીજા-બીજા જુગમાં રાણી,
તુ હતી મૃગલી રે અમે રે મૃગેશ્વર રજા રામનાં,
મધરાતે વનમાં પારધી એ ફાંસલો બાંધ્યો
પડતાં છાંડ્યા મારા પ્રાણ રાણી પીંગળા
હે... પીડે ફકીરે મારા પ્રાણ જ હર્યાને
ચોય ન હાલી મોરી સાથ મારી પીંગળા
દનડા સંભારો ખમ્મા, પૂર્વજન્મના સેહવાસનાં

હે....ત્રીજા ત્રીજા જુગમા રાણી
તું હતી બ્રાહ્મણીને અમે રે તપેશ્વર રાજા રામના
ખંડલીક વનમાં ફૂલ વીણવા ગ્યાતાં ત્યારે,
ડસિયેલ કાળુડો નાગ રાણી પીંગળા,
હે... પીડે ફકીરે મારા પ્રાણ જ હર્યાને
ચોય ન હાલી મોરી સાથ મારી પીંગળા
દનડા સંભારો ખમ્મા, પૂર્વજન્મના સેહવાસનાં

ચોથા ચોથા જુગમા રાણી
તું હતી પીંગળા ને અમે રે ભરતરી રાજા રામનાં
હે.... ચાર ચાર યુગમાં વાસ હતોને
તોય ના હાલી મારી સાથ રણી પીંગળા
દનડા સંભારો ખમ્મા, પૂર્વજન્મના સેહવાસનાં

## મોરલી તે ચાલી રંગ રૂસણે રે

મોરલી તે ચાલી રંગ રૂસણે રે
એને કોણ મનાવા જાય રે રંગ મોરલી

એને સસરો મનાવવા જાય રે રંગ મોરલી
સસરાની વાળી હું તો નહીં રે વળું રે
હાં, હંઅં, હોવે
હું તો મારે મહિયર જઈશ રંગ મોરલી

મોરલી તે ચાલી રંગ રૂસણે રે
એને કોણ મનાવા જાય રે રંગ મોરલી

એને જેઠ મનાવવા જાય રે રંગ મોરલી
જેઠની વાળી હું તો નહીં રે વળું રે
હાં, હંઅં, હોવે
હું તો મારે મહિયર જઈશ રંગ મોરલી

મોરલી તે ચાલી રંગ રૂસણે રે
એને કોણ મનાવા જાય રે રંગ મોરલી

એને પરણ્યો મનાવવા જાય રે રંગ મોરલી
પરણ્યાની વાળી હું તો ઝટ વળું રે
હાં, હંઅં, હોવે
હું તો મારે સાસર જઈશ રંગ મોરલી

મોરલી તે ચાલી રંગ રૂસણે રે
મોરલી તે ચાલી રંગ રૂસણે રે

# રૂડી ને રંગીલી

રૂડી ને રંગીલી વ્હાલા તારી વાંસળી રે લોલ
રૂડી ને રંગીલી વ્હાલા તારી વાંસળી રે લોલ

આ વાંસલડી મારે મંદિરિયે સંભળાય જો
આ પાણીડાંની મશે રે જીવણ જોવા નિસર્યાં રે લોલ

આ બેડાં તે મેલ્યા માન સરોવર પાળ જો
આ ઈંઢોળી વળગાડી આંબલિયાની ડાળમાં રે લોલ

આ ગોપી હાલ્યા વગડા તે વનની મોઝાર જો
આ કાન વણખોટીલા કેડો મારો રોકી ઊભા રે લોલ

આ કેડો મેલો પાતળિયા ભગવાન જો
આ સાસુડી હઠીલી મારી નરદમ મેણાં બોલશે રે લોલ

આ વાગે તારા ઝાંઝરનો ઝણકાર જો
આ હળવા હળવા હાલે ચાલે રે રાણી રાધિકા રે લોલ

જીવલડો મારો આકુળ વ્યાકુળ થાય જો
આ અહિયાં તો દીઠાં મેં તો કામણગારા કાનને રે લોલ

આ નીરખી નીરખી થઈ છું હું તો ન્યાલ જો
આ નરસૈંયાના સ્વામી અમને બાયું ભલે મળ્યાં રે લોલ

રૂડી ને રંગીલી વ્હાલા તારી વાંસળી રે લોલ
રૂડી ને રંગીલી વ્હાલા તારી વાંસળી રે લોલ

## તેજમલ ઠાકોર

ઉગમણી ધરતીના દાદા કોરા કાગળ આવ્યાં રે
ઈ રે કાગળ દાદે ડેલીએ વંચાવ્યાં રે

કાકો વાંચે ને દાદો રહ રહ રુવે રે
ઉપરવાડેથી તેજમલ ડોકાણાં રે

શીદને રુવો છો દાદા શું છે અમને કહો ને રે
દળકટક આવ્યું છે દીકરી વહારે કોણ ચડશે રે

સાત સાત દીકરીએ દાદો વાંઝિયો કહેવાણો રે
હૈયે હિમ્મત રાખો દાદા અમે વહારે ચડશું રે

માથાનો અંબોડો તેજમલ અછતો કેમ રહેશે રે
માથાનો અંબોડો દાદા મોળીડામાં રહેશે રે

કાનનાં અકોટા તેજમલ અછતાં કેમ રહેશે રે
કાનનાં અકોટા દાદા બોકાનામાં રહેશે

હાથનાં ત્રાજવા તેજમલ કેમ અછતાં રહેશે રે
હાથનાં ત્રાજવા દાદા બાંયલડીમાં રહેશે રે

પગનાં ત્રાજવા તેજમલ કેમ અછતાં રહેશે રે
પગનાં ત્રાજવા દાદા મોજડિયુંમાં રહેશે રે

દાંત રંગાવેલ તેજમલ અછતાં કેમ રહેશે રે
નાના હતાં ત્યારે મોસાળ ગ્યાં'તાં રે
ખાંતીલી મામીએ દાંત રંગાવ્યા રે

નાક વીંધાવેલ તેજમલ અછતાં કેમ રહેશે રે
અમારી માતાને અમે ખોટનાં હતાં રે
નાનાં હતાં તે દિ' નાક વીંધાવ્યાં રે

ચલો મારા સાથી આપણે સોનીહાટ જઈએ રે
સોનીહાટે જઈને અસતરી પારખીએ રે

પુરુષ હશે તો એનાં બેરખડે મન મો'શે રે
અસતરી હશે તો એનાં ઝૂમણલે મો'શે રે

સંધા સાથીડાએ ઝૂમણાં મૂલવિયાં રે
તેજમલ ઠાકોરિયાએ બેરખાં મૂલવિયાં રે

ચાલો મારા સાથી આપણ વાણી હાટે જઈએ રે
વાણીહાટે જઈને અસતરી પારખીએ રે

પુરુષ હશે તો એનાં પાઘડીએ મન મો'શે રે
અસતરી હશે તો એનાં ચૂંદડીએ મન મો'શે રે

સંધા સાથીડાએ ચૂંદડિયું મૂલવિયું રે
તેજમલ ઠાકોરિયાએ મોળીડાં મૂલવિયાં રે

ચાલો મારા સાથી આપણ સંઘેડા હાટે જઈએ રે
સંઘેડાં હાટે જઈને અસતરી પારખીએ રે

પુરુષ હશે તો એનાં ઢોલિયે મન મો'શે રે
અસતરી હશે તો એનાં ચૂડલે મન મો'શે રે

સંધા સાથીડાએ ચૂડલા મૂલવિયાં રે
તેજમલ ઠાકોરિયાના ઢોલિયે મન મોયાં રે

ચાલો મારા સાથીઓ દરિયે ના'વા જઈએ રે
દરિયા કાંઠે જઈ અસતરી પારખીએ રે

પુરુષ હશે તો એ દરિયો ડો'ળી ના'શે રે
અસતરી હશે તો એ કાંઠે બેસી ના'શે રે

સંધા સાથીડા તો કાંઠે બેસી ના'યા રે
તેજમલ ઠાકોરિયો તો દરિયો ડો'ળી ના'યો રે

ચાલો મારા સાથી આપણ લશ્કરમાં જઈએ રે
લશ્કરમાં જઈને અસતરી પારખીએ રે

પુરુષ હશે તો એ સામે પગલે ધાશે રે
અસતરી હશે તો એ પાછે પગલે ખસશે રે

તેજમલ ઠાકોરે જુદ્ધમાં પહેલો ઘા દીધો ને
સૌ સાથીડાં એની પાછળ ધાયાં રે

દળકટક વાળી તેજમલ ઘરે પધાર્યા રે
દાદે ને કાકે એને મોતીડે વધાવ્યાં રે

## મૈયારણ (કચ્છી લોકગીત)

લમ્મે લમ્મે મહિયારણ, હુ ત કેર અચે રે,
અંજો ચોટલો કારો નાગ, મુકે મોહિની લગી રે

અંજે કન જેડા કુંડળ મુકે કનમેં ખપે રે
અંજે મોતી જો શણગાર મુકે મોહિની લગી રે
    લમ્મે લમ્મે મહિયારણ, હુ ત કેર અચે રે,
અંજે ડોક જેડી માળા મુકે ડોકમેં ખપે રે
અંજે હીરે જો શણગાર મુકે મોહિની લગી રે
    લમ્મે લમ્મે મહિયારણ, હુ ત કેર અચે રે,
અંજે હથ જેડા કંકણ મુકે હથમેં ખપે રે
અંજે સોનેજો શણગાર મુકે મોહિની લગી રે
    લમ્મે લમ્મે મહિયારણ, હુ ત કેર અચે રે,
અંજે પગ જેડાં ઝાંઝર મુકે પગમેં ખપે રે
અંજે ચાંદીજો શણગાર મુકે મોહિની લગી રે
    લમ્મે લમ્મે મહિયારણ, હુ ત કેર અચે રે,

અંજે ભચ જેડા ચણિયા મુકે કેડમેં ખપે રે
અંજે આભલેજો શણગાર મુકે મોહિની લગી રે
    લમ્મે લમ્મે મહિયારણ, હુ ત કેર અચે રે,
    અંજો ચોટલો કારો નાગ, મુકે મોહિની લગી રે

## આપણા મલકના માયાળુ માનવી

હે….. હેતાળાં ને મમતાળાં જ્યાં માનવ જોને વસતાં,
હે…..મહેમાનોને માન દઇને હેતથી હૈયું ધરતાં;
પંડ તણાં પાથરણાં થઇ જ્યાં હરખાતાં નર-નારી,
હે…….જગમાં જ્યાં મહેમાનગતિની વાત જ સૌથી ન્યારી.

આપણા મલકના માયાળુ માનવી,
માયા રે મેલીને વહ્યાં આવો મારા મેરબાન,
રિયોને આપણા મલકમાં….કે હાલો….

સાંજ પડેને ગામને પાદર, ગાયો પાછી વળતી;
દુર ભલેને વસતા તોયે, યાદ આવે આ ધરતી;
ગામને કૂવે પાણી સીંચન્તી, પનિહારી નખરાળી;
સરખી સૈયર વળતી ટોળે, વાત કરે મલકાતી.

આપણા મલકમાં ઓઢણ ઓરડા,
ઉચાળા ભરી ઘોડે ચડજો મારા મેરબાન,
રિયોને આપણા મલકમાં….કે હાલો….

વર્ષા માથે ધરતી રૂડી, ઓઢણી લીલી ઓઢે;
પેટિયું રળવા અમ જેવાના, મલક રૂડો છોડે;
વાર-તહેવારે ગામવચાળે, રાસની રંગત જામે;
બાળપણાની ગોઠડી મીઠી, યાદ આવે હૈયાને.

આપણા મલકમાં નવણ કોડિયું,
નાવણિયાં કરી ઘોડે ચડજો મારાં મેરબાન;
રિયોને આપણા મલકમાં….કે હાલો….

રોજ પરભાતે દરના ટાણે, ઘરમાં ગીત ગવાતા;
રાત પડેને માવલડીના, હાલરડાં સંભળાતા;
છાશને રોટલો પ્રેમથી દેતી, રોજ શિરામણ ટાણે;
અમૃત જેવાં લાગે એ તો, માવલડીના હાથે.

આપણા મલકમાં ભોજન લાપસી,
કે ભોજનિયાં કરી ઘોડે ચડજો મારા મેરબાન;
રિયોને આપણા મલકમાં….કે હાલો….

પંખીડાં રે સૌ સાથે રે બેસી, ગીતડાં રૂડાં ગાતાં;
ગીતડાં સુણી માનવીયુંના, હૈયાં રે હરખાતાં;
ભરવસંતે ટહુકે ઓલી, કાળવી કોયલ રાણી;
ઘડિક માથે મોરલો બેસી, બોલતો મીઠીવાણી.

આપણા મલકમાં ઓઢણ ઢોલિયા,
ઓઢણિયાં કરી ઘોડે ચડજો મારા મેરબાન;
રિયોને આપણા મલકમાં….કે હાલો….

## આવ્યો મેહુલો રે

ઓતર ગાજ્યા ને દખ્ખણ વરસિયા રે!
મેહુલે માંડ્યા મંડાણ
આવ્યો ધરતીનો ધણી મેહુલો રે!

નદી – સરોવર છલી વળ્યાં રે
માછલી કરે હિલોળ, આવ્યો...

ખાડા ખાબોચીયાં છલી વળ્યાં રે
ડેડકડી દિયે આશિષ, આવ્યો...

ધોરીએ લીધાં ધુરી-ધોંસરા રે
ખેડુએ લીધી બેવડી રાશ, આવ્યો...

ગાયે લીધાં ગાનાં વાછરું રે
અસતરીએ લીધાં નાના બાળ, આવ્યો...

## કાળજા કેરો કટકો મારો

કાળજા કેરો કટકો મારો, ગાંઠથી છૂટી ગ્યો
મમતા રૂવે જેમ વેળુમા વીરડો ફૂટી ગ્યો

છબતો નહીં જેનો ધરતી ઉપર, પગ ત્યાં થીજી ગ્યો,
ડુંગરા જેવો ઉંબરો એણે માંડ રે ઓળંગ્યો

બાંધતી નહીં અંબોડલો બેની, ઇ મર ને છૂટી ગ્યો,
રાહુ બની ઘુંઘટડો મારા ચાંદને ગળી ગ્યો

આંબલીપીપળી ડાળ બોલાવે હે બેના એકવાર હામું જો
અરે ધૂબકા દેતી જે ધરામાં ઈ આરો અણહર્યો

ડગલે ડગલે મારગ એને સો સો ગાઉનો થ્યો
ધારથી હેઠી ઉતરી બેની મારો સૂરજ ડુબી ગ્યો

લૂંટાઈ ગ્યો મારો લાડખજાનો ‘દાદ’ હું જોતો રયો
જાન ગઈ જાણે જાન લઈ હું તો સૂનો માંડવડો

## જોડે રહેજો રાજ

જોડે રહેજો રાજ
        તમે કિયા તે ભાઈની ગોરી, કોની વહુ
        જોડે રહેજો રાજ
જોડે કેમ રહું રાજ
        મને શરમના શેરડાં ફૂટે ને
        જોને દિવો બળે હો રાજ
જોડે નહિ રહું રાજ
        શિયાળાની ટાઢ પડે ને
        જોડે કેમ રહું રાજ
જોડે રહેજો રાજ
        ફૂલની પછેડી સાથે રે હો લાડવઈ
        જોડે રહેજો રાજ
જોડે કેમ રહું રાજ
        મને શરમના શેરડાં ફૂટે ને
        જોને દિવો બળે હો રાજ
જોડે નહિ રહું રાજ
        ઉનાળાના તાપ પડે ને
        જોડે કેમ રહું રાજ
જોડે રહેજો રાજ
        ફૂલના પંખા સાથે રે હો લાડવઈ
        જોડે રહેજો રાજ
જોડે કેમ રહું રાજ
        મને શરમના શેરડાં ફૂટે ને
        જોને દિવો બળે હો રાજ
જોડે નહિ રહું રાજ
        ચોમાસાની ઝડીઓ પડે ને
        જોડે કેમ રહું રાજ
જોડે રહેજો રાજ
        મોતીના મોડિયા સાથે રે હો લાડવઈ
        જોડે રહેજો રાજ
જોડે કેમ રહું રાજ
        મને શરમના શેરડાં ફૂટે ને
        જોને દિવો બળે હો રાજ
* * * * *
જીવલડો વલોવાયો
        તમે ઓરા આવો રાજ
જીવલડો વલોવાયો
        તમે ઓરા આવો રાજ
જોડે રહેજો રાજ
        ચાંદા-સૂરજની સાખે ભવોભવ
જોડે રહેજો રાજ
        ચાંદા-સૂરજની સાખે ભવોભવ
જોડે રહેજો રાજ

## જોબનિયું આજ આવ્યું ને કાલ્ય જાશે

જોબનિયું આજ આવ્યું ને કાલ્ય જાશે
જોબનિયું કાલ્ય જાતું રે'શે

જોબનિયાને માથાના અંબોડામાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે

જોબનિયાને પાઘડીના આંટામાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે

જોબનિયાને આંખ્યનાં ઉલાળામાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે

જોબનિયાને હૈયાંના હિલોળામાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે

જોબનિયાને હ્રાથની હ્થેળીમાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે

જોબનિયાને ઘાઘરાના ઘેરમાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે

જોબનિયાને પગની પાનીમાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે

## હમ્બો હમ્બો વિંછૂડો

અરરર માડી રે! છાણાં વીણવા ગઈ'તી રે
મા વિંછૂડો, હમ્બો હમ્બો વિંછૂડો

મને ટચલીએ ટચકાવ્યો રે વિંછૂડો
મા વિંછૂડો, હમ્બો હમ્બો વિંછૂડો

મારા સસરાજીને તેડાવો રે
મા વિંછૂડો, હમ્બો હમ્બો વિંછૂડો

મારા જેઠજીને તેડાવો રે
મા વિંછૂડો, હમ્બો હમ્બો વિંછૂડો

મારા પરણ્યાને તેડાવો રે
મા વિંછૂડો, હમ્બો હમ્બો વિંછૂડો

વિંછૂડાના ઝેર ઉતરાવો રે
મા વિંછૂડો, હમ્બો હમ્બો વિંછૂડો

## સોનલાનું બેડલું તારી રૂપાની ઈંઢોણી

સોનલાનું બેડલું તારી રૂપાની ઈંઢોણી

કોના તે ઘરના ભરીશ પાણી રાજ રાજવણ
કહે તો ઉતારું તારું બેડલું હો જી
કહે તો ઓવારું મારું દલડું હો જી રે

જોઈને વિચારી મારગ રોકજે જુવાનડા
કાંઈ નથી તારે મારે નેડા રાજ રાજિયા
મેલી દે નીચો મારો છેડલો હો જી
છોડી દે નીચો મારો છેડલો હો જી રે

સોનલાનું બેડલું તારી રૂપાની ઈંઢોણી

તારે બેડલિયે ગોરી મન મારા મોહ્યાં
હૈયાના હીર મારા ખોયા રે રાજ રાજવણ
કહે તો ઉતારું તારું બેડલું હો જી
કહે તો ઓવારું મારું દલડું હો જી રે

સોનલાનું બેડલું મારી રૂપાની ઈંઢોણી

મારે રે બેડલિયે રાજ રાજિયા રે મોહ્યાં
રાજપાટ એના એણે ખોયા રાજ રાજિયા
મેલી દે નીચો મારો છેડલો હો જી
છોડી દે હેઠો મારો છેડલો હો જી રે

સોનલાનું બેડલું તારી રૂપાની ઈંઢોણી

રાજપાટ તો નથી રે'વા મારે કુબો
એનું કરીશું માન સુબો રાજ રાજિયા
મેલી દે નીચો મારો છેડલો હો જી
છોડી દે હેઠો મારો છેડલો હો જી રે

સોનલાનું બેડલું તારી રૂપાની ઈંઢોણી
સોનલાનું બેડલું મારી રૂપાની ઈંઢોણી

## સરવણની કથા

માછલી વિયાણી કાંઈ દરિયાને બેટ
સરવણ રિયો એની માને પેટ
કાળી પછેડી ને ભમરિયાળી ભાત
સરવણ જનમ્યો માઝમ રાત
અડી કડી ને નવઘણ કૂવો
ત્યાં સરવણનો જનમ હુઓ
લાંબી પીપળ ટૂંકા પાન
સરવણ ધાવે એની માને થાન
સાત વરસનો સરવણ થીયો
લઈ પાટીને ભણવા ગીયો
ભણી ગણી બાજંદો થીયો ને
સુખણી નારને પરણી ગીયો
સુખણી નાર મારાં વચન સુણો રે
મારાં આંધળા માબાપની સેવા કરો
આંધળા માબાપને કૂવામાં નાખ
મને મારે મહિયર વળાવ
મોર સરવણ ને વાંહે એની નાર
સરવણ આવ્યો એના સસરાને દ્વાર
સસરાજી રે મારા વચન સુણો
તમારી દીકરીને ઘરમાં પૂરો
રો' રો' જમાઈરાજ જમતા જાવ
દીકરીના અવગણ કહેતા જાવ
ઈ અભાગણીનું મોં કોણ જુએ
મારાં માબાપને નાખે કૂવે
ત્યાંથી તે સરવણ ચાલતો થયો
ને સરવણ આવ્યો દરજીને દ્વાર
ભાઈ રે સુતારી મારા વચન સુણો
મારાં આંધળા માબાપની કાવડ ઘડો
કાવડ ઘડજો ઘાટ સઘાટ
સોહ્યલાં બેસે મારા મા ને બાપ
ત્યાંથી સરવણ ચાલતો થયો
ને સરવણ આવ્યો દરજીને દ્વાર
ભાઈ રે દરજીડાં મારાં વચન સુણો
મારાં આંધળા માબાપના લૂગડાં સીવો
લૂગડાં સીવજો માપ સમાપ
સોહ્યલાં પેરે મારાં મા ને બાપ
ત્યાંથી તે સરવણ ચાલતો થયો
ને સરવણ આવ્યો મોચીડાંને દ્વાર
ભાઈ રે મોચીડાં મારાં વચન સુણો
આંધળા માબાપની મોજડી સીવો
મોજડી સીવજો ઘાટ સઘાટ
સોહ્યલી પેરે માંરાં મા ને બાપ
ખભે કાવડ ને હાથમાં નીર
સરવણ આવ્યો જમનાને તીર
નાહ્યાં જમનાનાં પાવન નીર
ત્યાથી હાલ્યા સરયુને તીર
ડગલે પગલે પંથ કપાય
પણ ત્યાં માબાપ તરસ્યા થાય
દશરથ બેઠાં સરવર પાળ
અંધારે હરણાંનો કરવા શિકાર
ભરીયા લોટા ખળભળ્યાં નીર
ને સરવણ વીંધાયો પેલે જ તીર
મરતાં તે લીધાં રામનાં નામ
દથરથ આવી ને ઊભા તે ઠામ
મરતાં મરતાં બોલતો ગીયો
મારાં આંધળા માબાપને પાણી દીયો
દશરથ આવ્યા પાણી લઈ
બોલ્યા માબાપની પાસે જઈ
માવતર તમે પાણી પીઓ
સરવણ તો પેલે ગામ જ ગીયો
આંધળાની લાકડી તૂટી આજ
સરવણ વિના કેમ રે જિવાય ?
આંધળા માબાપે સાંભળી વાત
દશરથ રાજાને દીધો શાપ
અમારો આજે જીવડો જાય
તેવું તમ થજો દશરથ રાય
દશરથ રાજા ઘણાં પસ્તાય
અંતે રામ વિયોગે જીવડો જાય

## પાટણથી પટોળાં મોંઘાં લાવજો

છેલાજી રે
મારે હાટુ પાટણથી પટોળાં મોંઘાં લાવજો
એમાં રૂડાં રે મોરલિયા ચિતરાવજો
પાટણથી પટોળાં મોંઘાં લાવજો
છેલાજી રે

રંગ રતુંબલ કોર કસુંબલ
પાલવ પ્રાણ બિછાવજો રે
પાટણથી પટોળાં મોંઘાં લાવજો
છેલાજી રે

ઓલ્યા પાટણ શે'રની રે મારે થાવું પદમણી નાર
ઓઢી અંગ પટોળું રે એની રેલાવું રંગધાર
હીરે મઢેલા ચૂડલાની જોડ મોંઘી મઢાવજો રે
પાટણથી પટોળાં મોંઘાં લાવજો
છેલાજી રે

ઓલી રંગ નીતરતી રે મને પામરી ગમતી રે
એને પહેરતાં પગમાં રે પાયલ છમછમતી રે
નથણી લવિંગિયાં ને ઝૂમખાંમાં મોંઘાં મોતી મઢાવજો રે
પાટણથી પટોળાં મોંઘાં લાવજો
છેલાજી રે

## દુધે તે ભરી તલાવડી

હે ઘમર ઘમર મારો ગરબો રે માથે ને લટક મટક ચાલે ઢલકત ઢોલ,
હે લરફર લરફર સૈયર સંગે રૂમક ઝુમક જાયે રૂપરંગ રે...
હે કેડમાં કંદોરો, ને કોટમાં છે દોરો, સાંકરિયો સાદ, કંઠે કોયલીનો શોર,
હે મધુભર રસભર નૈન નચાવે નાજુક નમણી નાગરવેલ...

હે દુધે તે ભરી તલાવડી ને મોતીડે બાંધી પાળ રે,
જીલણ જીલવા ગ્યા'તા, ગરબે ઘૂમવા ગ્યા'તા...
હે વાટકી જેવડી વાવલડી ને મંઈ ખોબલો પાણી માંઈ રે,
જીલણ જીલવા ગ્યા'તા, ગરબે ઘૂમવા ગ્યા'તા...

ગરબો માથે કોરિયો માએ ઝબક દીવડો થાય મારી માડી,
ગરબો રૂડો ડોલરીયો એ તો ઘમ્મર ઘમ્મર ઘૂમે મારી માડી,
હે તાળીઓની રમઝટ,
હે તાળીઓની રમઝટ પગ પડે ને ત્યાં ધરણી ધમધમ થાય રે...
જીલણ જીલવા ગ્યા'તા, ગરબે ઘૂમવા ગ્યા'તા...

હળવે હલું તો કેર ચઢી જાય, હાલુ ઉતાવળે તો પગ લચકાય,
સાળુ સંકોરું તો વાયરે ઉડી જાય, ધડકંતો છેડલો સરી સરી જાય...
હે પગને ઠેકે ધૂળની ડમરી ગગનમાં છવાઈ રે...
જીલણ જીલવા ગ્યા'તા, ગરબે ઘૂમવા ગ્યા'તા...

ચ્યમ જઉં ઘર આંગણીયે, આજ ગરબો રંગે ચગ્યો મારા વ્હાલા...
થઈ જાઉં હું તો ઘેલી ઘેલી હૈયા હિલોળાં ખાય મારા વ્હાલા...
હે સરખેસરખી સૈયર ટોળે ઝટપટ ઝટપટ જાય રે...
જીલણ જીલવા ગ્યા'તા, ગરબે ઘૂમવા ગ્યા'તા...

## મારે પાલવડે બંધાયો, જશોદાનો લાલ

મારે પાલવડે બંધાયો, જશોદાનો લાલ,
આખા રે મલકનો માણીગર મોહન,
એક નાની શી ગાંઠે ગંઠાયો, જશોદાનો લાલ…. મારે…..

આંખ્યુંના આંસુ ભલે ખૂટ્યા ન ખૂટે,
આજ ઠીક નાથ હાથ મારે આવ્યો, જશોદાનો લાલ…. મારે…..

મારે કાંકરિયું ને મટકી મારી તૂટે,
મારગ આવી મારા મહીડાં નીત લૂંટે,
મને લૂંટતા એ પોતે લૂંટાયો, જશોદાનો લાલ…. મારે….

થંભ વિના આંખું આકાશ લટકાવ્યું.
સૌને ટીંગાવનારો લટકંતો લાલ,
મારા પાલવની કોરે ટીંગાયો, જશોદાનો લાલ… મારે….

## તમે મારાં દેવનાં દીધેલ છો

તમે મારાં દેવનાં દીધેલ છો, તમે મારાં માગી લીધેલ છો,
આવ્યાં ત્યારે અમર થઇને રો' !

મા'દેવ જાઉં ઉતાવળી ને જઇ ચડાવું ફૂલ ;
મા'દેવજી પરસન થિયા ત્યારે આવ્યાં તમે અણમૂલ !

તમે મારું નગદ નાણું છો, તમે મારું ફૂલ વસાણું છો,
આવ્યાં ત્યારે અમર થઇને રો' !

મા'દેવ જાઉં ઉતાવળી ને જઇ ચડાવું ફૂલ,
પારવતી પરસન થિયાં ત્યારે આપ્યો હૈયાનો હાર. – તમે.....

હડમાન જાઉં ઉતાવળી ને જઇ ચડાવું તેલ,
હડમાનજી પરસન થિયા ત્યારે ઘોડિયાં બાંધ્યાં ઘેર. – તમે.....

ચીચણ પાસે પાલડી ને ત્યાં તમારી ફૈ ;
પાનસોપારી ખાઇ ગઇ, કંકોતરીમાંથી રૈ. – તમે.....

ભાવનગર ને વરતેજ વચ્ચે રે' બાળુડાની ફૈ ;
બાળુડો જ્યારે જલમિયો ત્યારે ઝબલા ટોપીમાંથી ગૈ
બાળુડો જ્યારે પરણશે ત્યારે નોતરામાંથી રૈ. – તમે.....

## રામ રમે સોગઠે રે

હે મારો રામ રમે સોગઠે રે,ધરમના સોગઠે રે,
હે એવી સવળી બાજી છે મારા રામની...(૨)

હે પહેલી બાજી રમિયા રામ અવધપુરીમાં જઈ,
તિલક તાણીયાં રે,તિલક તાણીયાં રે,
હે એવી સવળી બાજી છે મારા રામની...(૨)

હે બીજી બાજી રમિયા રામ જનકપુરીમાં જઈ,
ધનુષ તોડીયા રે, ધનુષ તોડીયાં રે,
હે એવી સવળી બાજી છે મારા રામની...(૨)

હો ત્રીજી બાજી રમિયા રામ કિષ્કીન્ધામાં જઈ,
વાલી માર્યો રે,વાલી માર્યો રે,
હે એવી સવળી બાજી છે મારા રામની...(૨)

હે ચોથી બાજી રમિયા રામ લંકાનગરી જઈ,
રાવણ માર્યો રે,રાવણ માર્યો રે,
હે એવી સવળી બાજી છે મારા રામની...(૨)

હે મારો રામ રમે સોગઠે રે,ધરમના સોગઠે રે,
હે એવી સવળી બાજી છે મારા રામની...(૨)

## કાનાનો જનમ

આવી અંધારી શી રાત્ય, આવી અંધારી શી રાત્ય,
એક અંધારી ઓરડી રે લોલ.
વાસુદેવને, દેવકીજીને, વાસુદેવ ને દેવકીજીને,
બેઈને અંધારીમાં પૂરિયા; રે લોલ.
દીધાં જોડ કમાડ, દીધાં જોડ કમાડ,
ભોગળ ભીડયાં લોઢા તણાં રે લોલ.
બાને માસ છ માસ બાને માસ છ માસ,
બાને માસ પૂરા થયા રે લોલ.
બાને જલમ્યા કુંવર કા'ન બાને જલમ્યફા કુંવર કા'ન,
આવાં અંજવાળાં કયાં થિયાં રે લોલ.
ઊઘડયાં જોડ કમાડ, ઊઘડયાં જોડ કમાડ,
ભોગળ ભાંગ્યાં લોઢા તણાં રે લોલ.
બાને જલમ્યા કુંવર કા'ન, બાને જલમ્યા કુંવર કા'ન,
એના મોહાળિયા આવિયા રે લોલ.
બેની બાળક લાવ્યા; બાર્ય, કંસને દીધા જમણે હાથ્ય,
લઈને પાણે પછાડિયા રે લોલ.
મામા, મને શીદને થૈને રઈશ, આકાશ વીજળી થૈને રઈશ.
તારો વેરી ગોકુળ વહે રે લોલ.
આકાશ વીજળી થૈને રઈશ, આકાશ વીજળી થૈને રઈશ.
તારો વેરી તને મારશે રે લોલ.

આલાલીલા વાંસળિયા

આલાલીલા વાંસળિયા રે વઢાવું,
એની રે ઉતરાવું રે પ્રભુજીની વાંસળી રે લોલ. આલાલીલા.....

વાંસળીએ કાંઈ હંસ, પોપટ ને મોર,
વાંસલડી વગાડે રે નંદજીનો લાડકો રે લોલ. આલાલીલા.....

વાંસળીએ કાંઈ ફૂમતાં લટકે ચાર,
આંગળીએ અંગૂઠી ને અંગૂઠીમાં હીરલા રે લોલ. આલાલીલા.....

આવ્યા આવ્યા ઓતરા દશના મેહ,
પાદરડાં ખેતરડાં રે હરિ કેરાં છલી વળ્યાં રે લોલ. આલાલીલા.....

ખેતરિયે કાંઈ ઝૂલી રહ્યા છે મોલ,
મોલે મોલે ગૂંથી દીધાં પરભુજીએ મોતીડાં રે લોલ. આલાલીલા.....